**<u>–: એલોટમેન્ટ :–</u>**

**<u>"લવકુશ એપાર્ટમેન્ટ–II"</u>**

**(૦૧) ડેવલોપર્સ/પ્રમોટર્સનું નામ :–** **મે. રામાયણ કન્સ્ટ્રકશન એલ.એલ.પી. ,**
**{PAN NO. AATFR5769E }**
નામની ભાગીદારી પેઢીના અધિકૃત ભાગીદાર:
**રાજેન્દ્ર પોપટલાલ મોનાની,**
ઉ.આ.વ. પુખ્તવયના, ધંધો : વેપાર,
ઓફીસ ઠે. ૪૧૮, ક્રીએટીવ ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, ૭૨, એન. એમ. જોશી માર્ગ, લોવર પેરલ, મુંબઈ–૪૦૦૦૧૧,

**(૦૨) સાઈટનું નામ** **"લવકુશ એપાર્ટમેન્ટ–II"**

**(૦૩) સરનામું :–** **"લવકુશ એપાર્ટમેન્ટ–II"**, સર્વે નં. ૪૬૫/૧/પૈકી ૧, સરસ્વતી નગર, વાપી, તા. વાપી, જી.વલસાડ, ગુજરાત.

**(૦૪) લેનારનું/ એપાર્ટમેન્ટ ધારકનું નામ :–**

**શ્રી ....................................**

**(૦૫) એપાર્ટમેન્ટની વિગત :– ફલેટ નં. .................,**

**(૦૬) વેચાણ કિંમત :– ...............................................**

**(૦૭) વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ..................., તા ............................**

**<u>–: દરેક એલોટીએ નિચેની વિગતો તપાસી સહિ કરી આપવી :–</u>**

**(૦૧)** તમામ નળ કનેકશન, પાઈપ ફીટીંગ, ઈલેકટ્રીક ફીટીંગ, લાદી ફીટીંગ, ગ્લેઝ તથા કિચન પ્લેટફોર્મ, સેલ્ફ, ફીટીંગ બારી, દરવાજા ફીટીંગ, લાપી, પ્રાયમર વગેરે તમામ કામ, કવોલીટી એપાર્ટમેન્ટ ઘારકે જાતે તપાસી લીધેલ છે.

**(૦૨)** તમામ કોમન સુવિધા જેવી કે લીફટ ફીટીંગ, કોમન ગાર્ડન, કોમન પાર્કિંગ કોમન લાઈટ ફીટીંગ, કોમન દાર, સબમર્શીબલ, પાણીના ટાંકા તથા કંમ્પાઉન્ડ વોલનાં દરવાજા વગેરે... તમામ કામ, કવોલીટી એપાર્ટમેન્ટ ઘારકે જાતે તપાસી લીધેલ છે.

**પાના નં...૨..**

(૦૩) એપાર્ટમેન્ટ ધારકે પોતાનો સામાન ફેરવણી, ફર્નીચર વગેરે.... કોઈપણ કામ કરવાથી કોમન સુવિધામાં નુકશાની થશે તોતે નુકશાન કર્તા જવાબદાર રહેશે. તે કંમ્પલીટ રીપેરીંગ તાત્કાલીક કરી આપવાનું રહેશે.

આ ઉપરાંત ગુજરાત રાજયના વલસાડ ડીસ્ટ્રીકટના રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ **વાપી** તાલુકાના મોજે **વાપી** મધ્યે વાપી નગરપાલીકાની હદમાં આવેલ **ખાતા નંબર** ૪૩૦૦ થી ચાલી આવેલ બીનખેતીના **સર્વે નંબર ૪૬૫/૧/પૈકી ૧ ની ૧,૧૧૩.૦૦ ચો.મી.** ના ક્ષેત્રફળવાળી જમીન ઉપર વાપી નગરપાલીકામાંથી મેળવેલ **બાંધકામ પરવાનગી ક્રમાંક : ૧૩૭, જાવક નં. ટીપી/રજી.ર/વશી–૨૦૦૩/૨૦૧૭–૧૮/૩૯૦૯ થી ઠરાવ ક્રમાંક નંબર ૨.૨ (૩૦), તા. ૦૯/૦૩/૨૦૧૮** થી મંજુર થયા મુજબ આર.સી.સી. ટાઈપની બીલ્ડીંગ કે જે **"લવકુશ એપાર્ટમેન્ટ–II"** નાં નામથી ઓળખાય છે. તે ઈમારત માંહેથી ઉપરોકત વિગત વાળો એપાર્ટમેન્ટ વેચાણ દસ્તાવેજથી તથા દર્શાવેલ કિંમત લિધેલ છે. તે એપાર્ટમેન્ટનો કબજો આજ રોજ અમોએ નીચેની વિગતે સંભાળેલ છે. તેનો આથી અમો એલોટમેન્ટ લેટર લખી આપીએ છીએ.

સદરહું ઉપરોત એપાર્ટમેન્ટ **"મે. રામાયણ કન્સ્ટ્રકશન એલ.એલ.પી."** પાસેથી અમોએ વેચાણ લીધેલ છે. સદરહું એપાર્ટમેન્ટનો કબજો સંભાળેલ ત્યારે તે એપાર્ટમેન્ટ સંપૂર્ણ પણે ચેક કરેલ છે. જેમ કે તે એપાર્ટમેન્ટનું બાંધકામ, તેમાં થયેલ પ્લાસ્ટર, તેમાં આવેલ કિચનમાં લગાવેલ પ્લેટફોર્મ ઉપરનો ગ્રેનાઈટ, વોશ, નળ ફિટીંગ, તેમજ લાઈટ ફિટીંગ, તેમજ લાઈટ કનેકશન અંગેનું વાઈરીંગ તથા જી.ઈ.બી. મીટર, તેમજ ફલોરીંગ તેમજ એપાર્ટમેન્ટમાં આવેલ બધાં બેડ રૂમના તથા લીવીંગ રૂમ તથા ડાઈનીંગ રૂમની દિવાલો, તેનુ પ્લાસ્ટર, ગેંડી, બાથરૂમ તથા બાથરૂમ ટોઈલેટના નળ ફિટીંગ, ગ્લેઝ ટાઈલ્સ આ એપાર્ટમેન્ટમાં આવેલ સંપૂર્ણ બારીઓ તેના હુકો, બારીઓના કાચ તેમજ આ એપાર્ટમેન્ટમાં આવેલ તમામ દરવાજાઓ, તેના લોકો, સ્ટોપરો, તે આખા એપાર્ટમેન્ટમાં આવેલ લાઈટ ફીટીંગ, તેની સ્વીચો, આખા એપાર્ટમેન્ટની ફલોરીંગની મોઝેકટાઈલ્સ, ગટર કનેકશનો, નળ ફિટીંગ, પાણીની નીકાલની લાઈનો, નળ કનેકશન, તેમજ લીફટ, સીડી, નીચી ગ્રાઉન્ડ ફલોરમાં આવેલ ખુલ્લુ પાર્કીંગ, બહારની દિવાલો, એપાર્ટમેન્ટનો–

**પાના નં...૩..**

મેઈન ડોર, અગાશી ઉપરનો તથા ગ્રાઉન્ડ ફલોર ઉપરનો પાણીના ટાંકાઓ, સેંફટી ટેંક, તેના નીકાલની લાઈનો તેમજ તમોએ વેચાણ રાખેલ એપાર્ટમેન્ટ સંપુર્ણ પણે ચેક કરેલ છે. તેથી હવે પછી તમારે તમારા એપાર્ટમેન્ટ અંગે કે આ **"મે. રામાયણ કન્સ્ટ્રકશન એલ.એલ.પી."** હેઠળ આવેલ સંયુકત સુવિધાઓમાં ઓવરહેડ ટેંક, અન્ડર ગ્રાઉન્ડ ટેંક, કોમન ડી.જી.વી.સી.એલ. (જી.ઈ.બી.) લાઈન, અંગે તેના કોઈપણ કામ અંગે તમોને કોઈપણ પ્રકારનો વાંધો નથી કે તે અંગે હવે પછી તમારે આ **"લવકુશ એપાર્ટમેન્ટ–II"** માં આવેલ અન્ય એપાર્ટમેન્ટ હોલ્ડરો સાથે મળીને કયારેય પણ કોઈપણ પ્રકારનો વાંધો ઉઠાવવો નથી કે ભવિષ્યમાં પણ તમારી સાથે કે વ્યકતીગત રીતે કોઈપણ કોર્ટમાં કેસ કરવા નથી. તેમજ સદરહું તમોએ વેચાણ રાખેલ એપાર્ટમેન્ટમાં આવેલ જી.ઈ.બી. (ડી.જી.વી.સી.એલ.), હાઉસટેક્ષ, જી.એસ.પી.સી. નું કનેકશન તમારે તમારા નામ ઉપર એલોટ થયા તથા દસ્તાવેજ થયેથી દિવસ–(૪૫) માં તમારા નામે કરાવી લેવું છે. તેમ છતા તમારા નામે ન થાય તો પઝેશન/એપાર્ટમેન્ટ મલ્યા તારીખથી તમામ જવાબદારી તમારા ઉપર છે.

એમ ઉપરોકત એપાર્ટમેન્ટ વાળી મીલકતનું બાંધકામ સંપૂર્ણ રીતે થયેલ છે. અને તેથી તે એપાર્ટમેન્ટ બનાવનાર **"મે. રામાયણ કન્સ્ટ્રકશન એલ.એલ.પી."** સામે એપાર્ટમેન્ટનાં અન્થ હોલ્ડરોએ કયારેય પણ કોઈપણ પ્રકારનો વાંધો લેવા હકક નથી તેવું આથી હમો એપાર્ટમેન્ટ ખરીદનાર આ એલોટમેન્ટ લેટર ઉપરથી લખી આપી બંધાઈ એપાર્ટમેન્ટનો કબ્જો આજરોજ "રેરા" નાં કાયદા મુજબ સંભાળી લઈએ છીએ.

**સ્થળ :– વાપી**

**તારીખ :– / / ૨૦૧૮**

..........................

**(લેનારની સહી)**